# ભાવનગરમાંથી અર્ધા કરોડની વેટ ચોરી ઝડપાઇ

## શહેરના શાન ટ્રેડીંગ લીંક અને ગ્લોબલ એન્ટરપ્રાઈઝની પેઢીના બે વેપારી વિરૂદ્ધ વાણિજયક કમિશ્નરે ફોજદારી નોંધાવીઃ ભાવનગરમાં વેટ ચોરીમાં અવ્વલ

ભાવનગર, ગુરૂવાર

ભાવનગરની બે વેપારી પેઢીએ રૂા.૫૧ લાખની વેટ ચોરી કરતાં તેમના વિરૂદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે.

વેટ ચોરીમાં ભાવનગરના વેપારીઓનો આંકડો ઉંચો છે. વેટ કચેરી દ્વારા ભાવનગરની વધુ બે વેપારી પેઢીમાં વેટ ચોરી ઝડપી લેવામાં આવી છે. આ બન્ને પેઢીઓએ રૂા.૫૧ લાખ જેવી કરચોરી કરતા આ અંગે સી ડિવીઝન પોલીસ મથકમાં પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે. ભાવનગરમાં આવેલી શાન ટ્રેડીંગ લીંક નામની પેઢીએ રૂા.૭ કરોડથી વધુ રકમની ખરીદી અને વેચાણના વ્યવહારમાં ભરવાનો થતો રૂા.૨૭ લાખ જેટલ વેરો નહીં ભરીને કરચોરી કરતા પેઢીના માલિક મહમદભાઈ કાસમઅલી વિરૂદ્ધ સહાયક વાણિજયક વેરા કમિશ્નર રાજેન્દ્ર પંડ્યા દ્વારા પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે.

આ ઉપરાંત ગ્લોબલ એન્ટરપ્રાઈઝના માલિક હસનભાઈ હૈદરઅલી રત્નાણીએ રૂા.૨૪ લાખનો વેરો નહીં ભરી કરચોરી કરતા તેમના વિરૂદ્ધ પણ પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી છે.

# ભાવનગરના યુનિવર્સિટી મેદાનમાં ફુલબોલ ટુર્નામેન્ટનો પ્રારંભ

## જિલ્લા ફુટબોલ એસોસિએશ તથા એમ.જે. કોલેજના સંયુકત ઉપક્રમે આયોજન કરાયુંઃ અગ્રણીઓની ઉપસ્થિતિ વચ્ચે શહેરની ૪૦ ટીમ વચ્ચે સ્પર્ધાનો પ્રારંભ

ભાવનગર, ગુરૂવાર

ભાવનગર યુનિવર્સિટીના મેદાનમાં ફુટબોલ ટુર્નામેન્ટ યોજવામાં આવી છે જેમાં ૪૦ ટીમોએ ભાગ લીધો છે.

ભાવનગર જિલ્લા ફુટબોલ એસોસિએશન અને એમ.જે. કોલેજ ઓફ કોમર્સના સંયુકત ઉપક્રમે ફુટબોલ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. ૪ દિવસ ચાલનારી આ ટુર્નામેન્ટમાં ૪૦ ટીમોએ ભાગ લીધો છે.

ટુર્નામેન્ટના ઉદ્‌ઘાટન સમારોહમાં યુનિવર્સિટીના કુલપતિ બી.એલ. શર્મા, ધારાસભ્ય વિભાવરીબેન દવે, ભાજપ શહેર પ્રમુખ તુલસીભાઈ પટેલ સહિતના ઉપસ્થિત રહ્યા હતાં.

આ ટુર્નામેન્ટના આયોજનમાં ડો.પી.એ. ગોહિલ, મુળરાજસિંહ ચુડાસમા, શૈલેષભાઈ વાળા, ચેતનભાઈ ધાનાણી, જેન્તીભાઈ ચૌહાણ, ભાવેશભાઈ જાની, જયભાઈ પંડ્યા, અમરદીપસિંહ ચુડાસમા, પ્રતિકભાઈ ગાંધી, મંગળભાઈ લાઠીયા, લાલસિંહ પરમાર, દિપકભાઈ ગોહિલ વગેરે જોડાયા છે.

# શામળદાસ કોલેજમાં ગાંધી યુવા શિબિર અંગે પરિસંવાદ યોજાયો

ભાવનગર, ગુરૂવાર

ભાવનગરની શામળદાસ આર્ટસ કોલેજમાં ગાંધી યુવા શિબિર અંગે પરિસંવાદ યોજવામાં આવ્યો હતો.

ભાવનગરની શામળદાસ આર્ટસ કોલેજ, સંતશ્રેય એજયુકેશન ટ્રસ્ટ તથા લાયન્સ કલબ ઓફ ભાવનગર જવેલ્સ દ્વારા ગાંધી યુવા વિચાર અંગે પરિસંવાદ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ગુજરાત સરકારના પૂર્વ ચીફ સેક્રેટરી પ્રવિણભાઈ કે. લહેરી, જિલ્લા કલેકટર ડી.જી. ઝાલાવાડીયા, જિલ્લા વિકાસ અધિકારી રંજીથકુમાર, એડવોકેટ દિપકભાઈ રાવળ, ઉપરાંત મણીભાઈ ગાંધી, શંભુભાઈ વંકાણી, હર્ષદભાઈ આચાર્ય, ડો.પ્રતિક્ષાબેન ત્રિવેદી, રૂપેશભાઈ બારોટ, કૌશીકભાઈ ભટ્ટ, ડો.નૈવેધ દેસાઈ, નરેન્દ્ર પનારા, કોલેજના આચાર્ય ડી.ડી.ઝાલા વગેરે ઉપસ્થિત રહ્યા હતાં. યુવા વર્ગ મહાત્મા ગાંધીના આદર્શો અને વિચારો જાણે તથા અમલમાં મૂકે તે હતુથી આ પરિસંવાદ યોજવામાં આવ્યો હતો.

# શહેરની પ્રાથમિક શાળામાં લોકશાહી ઢબે ચૂંટણી યોજાઈ

ભાવનગર, ગુરૂવાર

ભાવનગરના બોરતળાવ વિસ્તારમાં આવેલી પ્રાથમિક શાળામાં શાળા પંચાયતની ચૂંટણી યોજવામાં આવી હતી. ભાવનગર મહાપાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ હસ્તકની શાળા નં.૬૫ માં શાળા પંચાયતની ચૂંટણી યોજવામાં આવી હતી.

ભારતમાં પ્રવર્તમાન લોકશાહી પ્રણાલિથી બાળકો વાકેફ થાય તેમજ લોક તંત્રમાં યોજવામાં આવતી ચૂંટણી પ્રક્રિયા સમજે તે માટે શાળામાં ચૂંટણી યોજવામાં આવે છે.

ગૌરીશંકર પ્રાથમિક શાળામાં યોજવામાં આવેલી જી.એસ.ની ચૂંટણીમાં ત્રણ બાળકો અને બે બાલિકાઓએ ઉમેદવારી નોંધાવી હતી. શાળાના ધોરણ ૫ થી ૭ ના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર મતદાન કર્યુ હતું.

સામાન્ય ચૂંટણીની માફક ચૂંટણી અધિકારી, ચૂંટણી બુથ, બેલેટ પત્ર વગેરે તૈયાર કરી યોજવામાં આવેલી ચૂંટણીમાં શાળાના બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

# સુરતમાં હીટ એન્ડ રન કેસઃ ત્રણના મોતઃ આઠ લોકો ઘાયલ

અમદાવાદ, ગુરૂવાર

સુરતમાં બામરોલી વિસ્તારમાં આજે સવારે હીટ એન્ડ રનનો બનાવ બન્યો હતો. આ બનાવમાં ત્રણ લોકોના મોત થયા હતા આ બનાવમાં અન્ય આઠ લોકો ઘાયલ થયા હતા. પુર ઝડપે આવતી કારે રસ્તા ઉપર જતા અનેક લોકોને કચડી નાંખ્યા હતા. જેમાં ત્રણના મોત થયા હતા. ઘાયલ થયેલા આઠ લોકો પૈકી કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. આ બનાવથી સમગ્ર વિસ્તારમાં સનસનાટી મચી ગઈ હતી. માર્યા ગયેલા લોકો અંગે પ્રાથમિક રીતે માહિતી મળી નથી.

તોમની ઓળખ કરવાના પ્રયાસ થઈ રહ્યા છે. ઘાયલ થયેલા લોકોને સુરતની સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. કાર ચાલક નશામાં હતો કે કેમ તો અંગે પોલીસ તપાસ હાથ ધરી છે.